| | |
|---|---|
| | દાખલ થયા તારીખ:-૨૪/૦૯/૨૦૨૫ |
| | રજીસ્ટર થયા તારીખ:-૨૪/૦૯/૨૦૨૫ |
| | જાહેર કર્યા તારીખ:- ૦૮/૦૪/૨૦૨૬ |
| | સમય:- વર્ષ-૦૦,માસ-૦૬,દિવસ-૧૫ |

સત્યમેવ જયતે

# મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ગરૂડેશ્વર, જી.નર્મદા

ક્રિમીનલ કેસ નંબર-૧૬૪૭/૨૦૨૫

આંક-

**ફરીયાદી:** સરકારશ્રી

**વિરૂધ્ધ**

**આરોપી:** (૧) જીગ્નેશભાઇ બંસીભાઇ ભીલ
(૨) અર્જુનભાઇ ધોળાભાઇ ભીલ
(૩) કેતનભાઇ અર્જુનભાઇ ભીલ
(૪) હિતેશભાઇ ઉર્ફે નિતેશભાઇ બંસીભાઇ ભીલ
(૫) બંસીભાઇ ધોળાભાઇ ભીલ
તમામ રહે.ચિચડીયા,પટેલ ફળીયુ,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા

**ગુનો:** ભારતીય ન્યાય સંહિતાની કલમ-
૧૧૫(૨),૩૨૪(૪),૩૫૨,૩૫૧(૨),૫૪ મુજબ

---

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ.વ.શ્રી કે.જે.તડવી

---

## <u>જજમેન્ટ</u>

**(૧)** આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીને

આરોપી.નં.૧ નાએ ફોન કરી પોતાના ઘરે બોલાવતા ફરીયાદી આરોપી.નં.૧ ઘરના પાછળના દરવાજે ગયેલ તે વખતે આરોપી.નં.૨ નાનો ઘરની બહાર સુતો હતો તે વખતે આરોપી.નં.૧ નાએ બહારથી દરવાજો ખોલી ફરીયાદીને ધક્કો મારી ઘરમાં ધકેલી દઇ દરવાજો બંધ કરી દીધેલ અને થોડી વાર પછી આરોપી.નં.૧ નાએ દરવાજો ખોલી ઘરમાં જઇ ફરીયાદીને કાંઇ કહ્યા વગર હાથ વડે માર મારવા લાગેલ તે વખતે બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા આરોપી.નં.૨ તથા આરોપી.નં.૩ નાઓ ઘરમાં જઇ ફરીયાદીને હાથ વડે માર મારેલ અને ઘરની દિવાલ સાથે અથાડી અથાડી મારતા હતા તે વખતે ફરીયાદીને જમણા હાથે કોણીના ભાગે દિવાલનો ગેબી માર વાગી જતા સોજો આવી ગયેલ અને ફરીયાદી વધુ મારમાંથી બચવા માટે આરોપી.નં.૧ ના ઘરના આગળના દરવાજાથી ભાગવા જતા આરોપી.નં.૪ નાઓ આવી ગયેલ અને ફરીયાદીને મા–બેન સમાળી ગાળો આપી ફરીયાદીને પકડી રાખેલ અને આરોપી.નં.૧ એ ફરીયાદીને લાત વડે કમ્મરના ભાગે મુઢ માર મારેલ અને ફરીયાદીને આગળના ગુપ્તાંગના ભાગે જોરથી એક લાત મારી દીધેલ જેથી સોજો આવી ગયેલ છે અને પેટના ભાગે પણ લાતો વડે માર મારતો હતો. તે વખતે આરોપી નં.૪ નાએ ફરીયાદીના ખિસ્સામાંથી ફોન કાઢી લીધેલ જે ફોન ઝપાઝપી વખતે નીચે પડી જતા આરોપી નં.૪ નાએ ફરીયાદીનો ફોન તોડી નાંખેલ જે ફોનની કિં.રૂ.૫૬,૦૦૦/– જેટલાની છે અને ફરીયાદી ઘરમાંથી બહાર નિકળતો હતો તે વખતે આરોપી નં.૫ નાએ તેમના ધરના આગળના દરવાજે ઉભા રહેલ અને ફરીયાદીને તેમના ઘરમા બેસાડી રાખી ફરીયાદીને મા–બેન સમાળી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી અને ફરીયાદીના ફોનની કિં.રૂ.૫૬,૦૦૦/– જેટલાનુ નુકશાન કરી ગુપ્તાંગના ભાગે તથા કમ્મરના ભાગે ઈજા પહોંચાડી એક બીજાની મદગારી કરી ગુનો કર્યો બાબત.

(૨) બનાવની વિગતવારની ફરીયાદ,ગરૂડેશ્વર પોલીમ સ્ટેશનમાં ગુ.ર.નં. પાર્ટ એ.૧૧૮૨૩૦૦૯૨૫૦૩૩૨/૨૦૨૫ થી દાખલ થતા આ કામે ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ કરી જરૂરી પુરાવો રજૂ કરી આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતા ફોજદારી કાર્યરીતી

અધિનીયમની કલમ–૧૭૩(૨) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૨૪(૪),૩૫૨,૩૫૧(૨),૫૪ મુજબ હાલનું ચાર્જશીટ રજુ કરતા આ કેસ ઉપસ્થિત થયેલ છે.

(૩) પોલીસ અહેવાલ રજુ થતા ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ –૧૯૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૧૫(૨),૩૨૪(૪),૩૫૨,૩૫૧(૨),૫૪ મુજબના ગુના અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા આરોપીઓ હાજર થતા કલમ –૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દરસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫,૬,૭,૮,૯ અન્વયે પ્લી નોંધવામાં આવતા તે વાંચી સંભળાવતા અને સમજાવતા ગુના અંગે પૂછવામાં આવતા ગુન્હો કર્યાં અંગેનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**::મૌખિક પુરાવા::**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદી સચિનભાઇ ગોરધનભાઇ ભીલની સોગંદ પરની જુબાની |

**::દસ્તાવેજી પુરાવા::**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગતો** |
|---|---|---|
| ૧. | ૧૧ | ફરીયાદ |
| ૨. | ૧૨ | જપ્તી પંચનામું |
| ૩. | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૪. | ૧૪,૧૫ | મેડિકલ સર્ટી |

ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગેની કલોઝિંગ પુરસીસ આંક–૧૬ થી

રજુ કરેલ છે.

(૫) આ કામે આરોપીપક્ષ તરફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૬) ત્યારબાદ સદર કામ આરોપીઓનુ બી.એન.એસ.એસની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધાવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) આ કામે અદાલતે વિ.સરકારી વકીલશ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળેલ છે.

(૮) આમ આ કામે રેકર્ડ ઉપર આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આ કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્ધાઓ**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકિકત પુરવાર કરે છે કે,આ કામના ફરીયાદીને આરોપી.નં.૧ નાએ ફોન કરી પોતાના ઘરે બોલાવતા ફરીયાદી આરોપી.નં.૧ ઘરના પાછળના દરવાજે ગયેલ તે વખતે આરોપી.નં.૨ નાનો ઘરની બહાર સુતો હતો તે વખતે આરોપી.નં.૧ નાએ બહારથી દરવાજો ખોલી ફરીયાદીને ધક્કો મારી ઘરમાં ધકેલી દઇ દરવાજો બંધ કરી દીધેલ અને થોડી વાર પછી આરોપી.નં.૧ નાએ દરવાજો ખોલી ઘરમાં જઇ ફરીયાદીને કાંઇ કહ્યા વગર હાથ વડે માર મારવા લાગેલ તે વખતે બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા આરોપી.નં.૨ તથા આરોપી.નં.૩ નાઓ ઘરમાં જઇ ફરીયાદીને હાથ વડે માર મારેલ અને ઘરની દિવાલ સાથે અથાડી અથાડી મારતા હતા તે વખતે ફરીયાદીને જમણા હાથે કોણીના ભાગે દિવાલનો ગેબી માર વાગી જતા સોજો આવી ગયેલ અને ફરીયાદી વધુ મારમાંથી બચવા માટે આરોપી.નં.૧ ના ઘરના આગળના દરવાજાથી ભાગવા જતા આરોપી.નં.૪ નાઓ આવી ગયેલ

અને ફરીયાદીને મા–બેન સમાળી ગાળો આપી ફરીયાદીને પકડી રાખેલ અને આરોપી.નં.૧ એ ફરીયાદીને લાત વડે કમ્મરના ભાગે મુઢ માર મારેલ અને ફરીયાદીને આગળના ગુપ્તાંગના ભાગે જોરથી એક લાત મારી દીધેલ જેથી સોજો આવી ગયેલ છે અને પેટના ભાગે પણ લાતો વડે માર મારતો હતો. તે વખતે આરોપી નં.૪ નાએ ફરીયાદીના ખિસ્સામાંથી ફોન કાઢી લીધેલ જે ફોન ઝપાઝપી વખતે નીચે પડી જતા આરોપી નં.૪ નાએ ફરીયાદીનો ફોન તોડી નાંખેલ જે ફોનની કિં.રૂ.૫૬,૦૦૦/– જેટલાની છે અને ફરીયાદી ઘરમાંથી બહાર નિકળતો હતો તે વખતે આરોપી નં.૫ નાએ તેમના ઘરના આગળના દરવાજે ઉભા રહેલ અને ફરીયાદીને તેમના ઘરમા બેસાડી રાખી ફરીયાદીને મા–બેન સમાળી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી અને ફરીયાદીના ફોનની કિં.રૂ.૫૬,૦૦૦/– જેટલાનુ નુકશાન કરી ગુપ્તાંગના ભાગે તથા કમ્મરના ભાગે ઈજા પહોંચાડી એક બીજાની મદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૨૪(૪),૩૫૨,૩૫૧(૨),૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**::–કારણો–::**

**મુદ્દા નં.૧:–**

**(૧૦) –::પુરાવાનું મૂલ્યાંકન::–**

સદર કેસમાં રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન શરુ કરવામાં આવે તે પહેલા પુરાવાના બોજા વિશે વાત કરવી આવશ્યક જણાતી હોય તે નીચે મુજબ છે.

**(૧૧) પુરાવાનો બોજો (Burden of Proof):–**

અત્રેની અદાલત પુરાવા અધિનિયમના એ સિધ્ધાંતથી સુવિદિત છે કે જો ફરીયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોય તો

તે આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેની સાથે પુરાવા અધિનિયમના એ પ્રસ્થાપિત સિધ્ધાંતથી પણ વાકેફ છે કે આરોપી સામેનો કોઈપણ અપરાધ હંમેશા નિ:શંકપણે પુરવાર થવો જોઈએ અને તેમાં સહેજ પણ શંકા ઉપજે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તે સાથે ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '**પુરાવાનું મૂલ્યાંકન**' એ શબ્દને પુરાવાના કાયદામાં ક્યાય પણ વ્યાખ્યા સ્વરૂપે સુલેખિત કરવામાં આવેલ નથી અને તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી જેથી પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકત અને સંજોગો પર નિર્ધારીત હોય છે અને પુરાવાના મૂલ્યાંકન માટે પુરાવા અધિનિયમની **કલમ–૧૩૪** ની જોગવાઈ મુજબ કોઈ હકીકત પુરવાર કરવા ચોક્કસ સંખ્યામાં સાક્ષીઓ તપાસવા એ જરૂરી નથી અને **કલમ–3** મુજબ **Proved Disproved and Not proved** ના ખ્યાલ/ધારણા મુજબ દરેક કેસના સંજોગો અને તેમાં પડેલ પુરાવાઓ મુજબ તેની હકીકતો પુરવાર થયેલ છે કે કેમ તે માટેનો પુરાવાનો બોજો હંમેશા ફરીયાદપક્ષ પર હોય છે પરંતુ તે સાથે જે તે કેસના સંબંધિત કાયદા અંતર્ગત જ્યારે આરોપી વિરુધ્ધ કોઈ વિશિષ્ટ અનુમાન કરવામાં આવેલ હોય ત્યારે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની એટલે કે આરોપીની રહે છે. આમ, પ્રસ્તુત વર્ણવેલ સિંધ્ધાત અનુસાર નીચે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક–૧૦ થી ફરીયાદી સચિનભાઈ ગોરધનભાઈ ભીલને તપાસેલ છે જેઓ પોતાની જબાનીમાં જણાવે છે કે, તા.૨૭/૪/૨૦૨૫ ના રોજ રાત્રે તેમના ઘરે હતા ત્યારે જીગ્નેશભાઈ બંસીભાઈ ભીલનાઓનો તેમના પર ફોન આવેલો અને તેમને કહેલ કે તારૂ કામ છે તું અમારા ઘર આવ જેથી તે તેઓના ઘરે ગયેલા.જ્યા જીગ્નેશભાઈના કાકા અર્જુનભાઈ,કાકી નયનાબેન સુતેલા હતા અને જીગ્નેશભાઈએ દરવાજાની અંદર તેમને બોલાવી દરવાજો બંધ કરી દીધેલો અને તેમની સાથે ઉંચા અવાજે ઉગ્ર બોલાચાલી કરવા લાગેલ જેથી આજુબાજુમાંથી તેઓના કાકા અર્જુનભાઈ અને કેતનભાઈ આવી ગયેલા અને તેઓ પણ તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરવા લાગેલા. આ દરમિયાન તેઓની પાડોશના નિતેશભાઈ અને જીગ્નેશભાઈ તેમજ અન્ય

માણસો આવી જતા તેમને એકબીજાને છોડાવેલા તે વખતે ધક્કામુકીમાં નીચે પડી જતા જમણા હાથની કોણી પર ગેબી માર વાગેલો તેમજ કમરના ભાગે તેમજ ગુપ્ત ભાગે બેઠો માર વાગેલો. ત્યારબાદ કોઈને ૧૦૮ વાન બોલાવતા ગરુડેશ્વર સરકારી તે બાબતની સારવાર કરાવેલી તેમજ વધુ સારવાર અર્થે રાજપીપળા સીવીલ હોસ્પિટલ ખાતે કરાવેલી. આ બનાવ બનવાનુ કારણ જીગ્નેશભાઈ બંસીભાઈના કાકા અર્જુનભાઈ ધોળાભાઈ ભીલનાઓની દિકરી સંગીતાબેન સાથે તેમને પ્રેમ સંબંધ હોવાના કારણે બનાવ બનેલો. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી.તેઓએ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંક-૧૧ થી રજુ થયેલ છે.

**(૧૨.૧)** સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પ્રોસીકયુશનની વિનંતીને ગ્રાહય રાખી ભારતીય પુરાવા ધારાની કલમ-૧૫૪ તળે પ્રોસીકયુશનને તેમના જ સાક્ષીની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં પ્રોસીકયુશન ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

**(૧૨.૨)** બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સદર ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો. બનાવ દરમિયાના આરોપીઓએ તેઓની દિકરી સાથે મારે પ્રેમ સંબંધ હોઈ ઠપકો આપવા માટે બોલાવેલો અને તે દરમિયાન બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા આજુબાજુમાંથી લોકો ભેગા થઈ ગયેલા અને ધકકામુકીમાં સામાન્ય છે નાની મોટી ઈજાઓ થયેલી. તેમણે સંગીતા સાથેના પ્રેમ સબંધના કારણે આ બનાવ બનેલો અને જે તે વખતે લાગણીના આવેશમાં આવી જઈ બન્ને પક્ષકારોએ સામ-સામે ફરીયાદ કરેલી. બનાવ બાદ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલું અને આજે તેઓ અને સંગીતા કાયદેસરના લગ્ન કરી પતિ-પત્ની તરીકે સાથે રહીએ છીએ. આરોપીઓ સાથે હાલની તારીખે તેમને કોઈ તકરાર કે ફરીયાદ નથી. આરોપીઓએ પણ તેમની વિરૂધ્ધ આપેલ ફરીયાદ પણ આજ કોર્ટમાં ચાલે છે. દવાખાને બનાવની હિસ્ટ્રી મારી સાથેના માણસોએ લખાવેલી.

**(૧૨.૩)** સદરહુ ફરીયાદીનો પુરાવો ધ્યાનમાં લેતા સાહેદ ફરીયાદ આપનાર પોતાની જુબાનીમાં બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલ અને ધકકામુકીમાં પડી જવાથી ઈજા થયેલ તેમજ સંગીતા સાથેના પ્રેમ સબંધના કારણે આ બનાવ બનેલો અને જે તે વખતે લાગણીના આવેશમાં આવી જઈ બન્ને પક્ષકારોએ સામ–સામે ફરીયાદ આપેલ. બનાવ બાદ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલું અને આજે તેઓ અને સંગીતા કાયદેસરના લગ્ન કરી પતિ–પત્ની તરીકે સાથે રહે છે. આરોપીઓ સાથે હાલની તારીખે તેમને કોઈ તકરાર કે ફરીયાદ નથી તેમજ દવાખાને ડોકટર સમક્ષ બનાવની વિગત તેમની સાથેના માણસોએ લખાવેલ હોવાની હકીકત કબુલ રાખે છે.

**(૧૩)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તેમની જુબાનીમાં તેઓને આરોપીઓ સાથે ઉગ્ર બોલાચાલી થયેલ હોવાનું જણાવે છે પરંતુ આરોપીઓએ ઈજા પામનાર સાહેદ સચિનભાઈને માર મારી ઈજા પહોચાડેલ હોય કે ગાળો બોલેલ હોય કે મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ જ હકીકતો જણાવતા ન હોઈ સદરહુ ફરીયાદીની જુબાનીના આધારે આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે ઈજા પામનાર સચિનભાઈનુ ઈજાનુ સર્ટીફીકેટ રજુ પરંતુ સદરહુ સર્ટીફીકેટ આપનાર ડોકટરશ્રીને આ કામે તપાસેલ નથી. ઈજાનુ સર્ટીફીકેટ પુરવાર કરેલ નથી.આમ ઈન્જરી સર્ટીફીકેટથી ફરીયાદીને બનાવમાં ઈજાઓ થયેલાનુ ફલિત થાય છે પરંતુ આ ઈજાઓ હાલના આરોપીઓ થકી થયેલાની હકીકતને સમર્થન મળતુ ન હોઈ ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**(૧)** આ કામના આરોપીઓ (૧) જીગ્નેશભાઈ બંસીભાઈ ભીલ,(ર) અર્જુનભાઈ ધોળાભાઈ ભીલ,(૩) કેતનભાઈ અર્જુનભાઈ ભીલ,(૪) હિતેશભાઈ ઉર્ફે નિતેશભાઈ બંસીભાઈ ભીલ,(પ) બંસીભાઈ ધોળાભાઈ ભીલ, તમામ રહે.ચિચડીયા,પટેલ ફળીયુ,તા.ગરૂડેશ્વર,જી.નર્મદાને

બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૨૪(૪),૩૫૨,૩૫૧(૨),૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકા અપીલ સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો પ્રત્યેક આરોપીએ અપીલ સમય માટે રૂા. ૫,૦૦૦/– ના જાતજામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ મોબાઈલના માલીકની ખરાઇ કરી પરત સોંપવો.

હુકમ આજરોજ તારીખ ૦૮ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૮/૦૪/૨૦૨૬**
**સ્થળ: ગરૂડેશ્વર**

**(જે.એમ.દવે)**
**જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ગરુડેશ્વર, જી.નર્મદા**
**જીજે.૦૧૬૨૭**